બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રારંભ

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૨ માર્ચ, ૨૦૦૮)

(વિભાગ - ૧ ઘનશ્યામ ચરિત્ર, બાવીસમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૬)

**પ્ર.૧ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ આપો. (કુલ ગુણ ૫)**

☞ **નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. અદ્વૈતવાદી પંડિતોએ કહ્યું : 'બધું જ બ્રહ્મ છે. બ્રહ્મ જ સત્ય છે.' (૪૩/૭૬)

૨. માર્કંડેય મુનિએ બાળપ્રભુનું નામ ઘનશ્યામ પાડ્યું. (૪/૭)

૩. ગુમાનસિંહે ઘનશ્યામનો પડછાયો ન જોયો અને ઘનશ્યામના ચરણમાં સોળ ચિહ્નો જોયા. (૨૪/૪૧-૪૨)

૪. ગૃહત્યાગ વખતે ઘનશ્યામે માળા, પલાશનો દંડ, શાસ્ત્રોના સારરૂપી ગુટકો, કમંડળ, ભિક્ષાપાત્ર, પાણી ગાળવાનું વસ્ત્ર, શાલિગ્રામ, બાળમુકુંદનો બટવો સાથે લીધા હતા. (૪૫/૮૧)

૫. ઘનશ્યામે પીપળાના ઝાડ પર ચડીને પશ્ચિમ તરફ જોયું. (૧૮/૨૮)

**પ્ર.૨ નીચેનાં અવતરણો કોણ, કોને કહે છે, તે લખો. (કુલ ગુણ :૮)**

☞ **નોંધઃ- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ**

૧. મહાવત - ઘનશ્યામને (૨૬/૪૬)
૨. વચનાબાઈ - ભક્તિમાતાને (૨૦/૩૦)
૩. ભક્તિમાતા - ઘનશ્યામને (૯/૧૫)
૪. ઈચ્છારામ - ઘનશ્યામને (૩૮/૬૮)

**પ્ર.૩ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

**૧.** વસંતાબાઈ (૩૫/૬૨) **૨.** ચાર (૪૨/૭૫) **૩.** રાત્રે દસ (૧/૧) **૪.** લક્ષ્મીજી (૭/૧૦) **૫.** ભક્તિમાતા (૩૬/૬૪)

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. વાંદરાને સમાધિ (૧૫/૨૩)**

૧. અસુરોના ત્રાસથી બચવા ધર્મપિતાએ છપૈયા છોડી અયોધ્યામાં બરહટ્ટા શેરીમાં વસવાટ કર્યો.

૨. એક સાંજે ઓસરીમાં જમવા બેઠેલા ઘનશ્યામ પાસેથી એક વાંદરો રોટલી ઉપાડી ગયો.

૩. ઝાડ ઉપર બેસીને રોટલીનું બટકું ભરવા ગયો ત્યાં ઘનશ્યામે દૃષ્ટિ કરીને વાંદરાને સમાધિ થઈ ગઈ.

૪. ત્રણ દિવસે સમાધિમાંથી જાગ્રત થયેલો વાંદરો ઘનશ્યામ પાસે હાથ જોડીને બેસી ગયો.

૫. ઘનશ્યામે વાંદરાને આશીર્વાદ અને થોડું ખાવાનું આપ્યું.

**૨. રામચંદ્રરૂપે દર્શન (૩૩/૫૯)**

૧. બાળમિત્રો સાથે મીન સરોવરે નાહવા ગયેલા ઘનશ્યામ ઊંડા પાણીમાં તળિયે જઈને બેસી ગયા.

૨. મંછા ધોબીએ ખૂબ તપાસ કરી પણ ઘનશ્યામ ન મળતાં તેમના માતા-પિતાને બોલાવી વાત કરવાનું કહ્યું.

૩. માતા-પિતા, રામપ્રતાપ, વશરામ અને ગામ લોકો સરોવરને કાંઠે ચિંતા કરવા લાગ્યા.

૪. ઘનશ્યામને થયું મારે હવે પાણીની ઉપર આવવું જોઈએ.

૫. પાણીની ઉપર અધ્ધર ચાલીને આવતાં ઘનશ્યામમાં સૌને રામચંદ્ર ભગવાનનાં દર્શન થયાં.

**૩. કંદોઈને પરચો (૨૨/૩૫)**

૧. ઘનશ્યામને ખૂબ ભૂખ લાગી હતી પરંતુ રસોઈને વાર હતી.

૨. ત્યાં પડેલી ભાભીની વીંટી ઉપાડીને કંદોઈની દુકાને જઈ વીંટીના બદલામાં બધી મીઠાઈઓ લઈને મિત્રો સાથે ઉજાણી કરી.

૩. ઘરમાં આ વાતની બધાને જાણ થઈ અને મોટાભાઈ ખૂબ ગુસ્સે થયા.

૪. ઘનશ્યામે ધર્મપિતા અને મોટાભાઈને દુકાને લઈ જઈને બતાવ્યું કે બધી મીઠાઈઓ ટોપલામાં અકબંધ હતી.

૫. કંદોઈને ઘનશ્યામના આ પરચાથી ધર્મદેવનો પુત્ર ઘનશ્યામ મહાન હોવાની પ્રતિતી થઈ.

**પ્ર.૫ વિભાગ 'બ'માંથી યોગ્ય જવાબનો <u>ક્રમાંક</u> પસંદ કરી, વિભાગ 'અ' સામેના ચોરસમાં <u>ફક્ત જવાબનો ક્રમાંક</u> લખી જોડકાં બનાવો. (કુલ ગુણ : ૫)**

| 'અ' | | 'બ' |
|---|---|---|
| ૧. ધર્મદેવના સાઢુભાઈ (૨૫/૪૩) | ૩ | ૧. બળદેવજી |

| | | |
|---|---|---|
| ૨. અયોધ્યાના રાજા (૨૧/૩૨) | ૫ | ૨. હરિકૃષ્ણ ઉપાધ્યાય |
| ૩. હાથીના માલિક (૨૬/૪૫) | ૧ | ૩. બલદીધર |
| ૪. હનુમાન ગઢીના મહંત (૩૧/૫૬) | ૪ | ૪. મોહનદાસ |
| ૫. જનોઈનું મુહૂર્ત જોનાર (૩૨/૫૭) | ૨ | ૫. રાયદર્શનસિંહ |

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોના કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં) (કુલ ગુણ ૬)**

૧. રામદત્ત અને બ્રાહ્મણો ઘનશ્યામને પકડવા છેક ઊંચે ઝાડ પર ચડ્યા અને ઘનશ્યામ ત્યાંથી અદશ્ય થઈ નીચે આવી ગયા. તેથી તેમને થયું કે આ બાળક ભગવાન છે. માટે તેમણે ઘનશ્યામની માફી માંગી. (૧૭/૨૬-૨૭)

૨. વ્રજવિહારી બ્રાહ્મણે ઘનશ્યામની માફી માગી પ્રાર્થના કરી કે તમે ભગવાન છો, ચમત્કારી છો તો મને દેખતો કરો. હું ભગવાનનું ભજન અને પૂજા કરીશ. તેથી ઘનશ્યામે બ્રાહ્મણને દેખતો કર્યો. (૪૧/૭૪)

૩. ઘનશ્યામને વાઘનું ચામડું જોઈતું હતું. તે અભિમાની બાવાએ ગર્વથી ધર્મદેવને કહ્યું 'તુમ ક્યા લેગા ? ઈસકા તીનસો રૂપિયા પડેગા.' તેનો ગર્વ ઉતારવા ઘનશ્યામે ચામડામાંથી સાચો વાઘ બનાવ્યો. (૨૯/૫૨)

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ, પંદરમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૬)**

**પ્ર.૭ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)** ☞ **નોંધ :- અડધા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. ધામ, ધામી અને મુક્ત આ ત્રણ વસ્તુ નિત્ય છે. (૩૨/૪૯)

૨. શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજને ગોંડલ અક્ષર મંદિરના મહંત નીમ્યા. (૨૨/૩૨)

૩. ગઢડા મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠાનો સમૈયો યોગીજી મહારાજના સાનિધ્યમાં સંવત ૨૦૦૭માં થયો. (૨૪/૩૫)

૪. શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસની અઠ્યાવીસ વર્ષની ઉંમરે પ્રમુખપદે નિમણૂંક થઈ. (૩૩/૫૦)

૫. ઝીણાભગત અને સંતોએ પ્રથમ મિલન વખતે શાસ્ત્રીજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીની પ્રસાદીની માળા ને તુંબડી ભેટ ધરી. (૧૦/૧૩)

**પ્ર.૮ નીચેનાં અવતરણો કોણ, કોને કહે છે તે લખો. (કુલ ગુણ : ૮)** ☞ **નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ**

૧. કરસનસંગ બાપુ - યોગીજી મહારાજને (૧૭/૨૪)
૨. ઝીણાભાઈ - મોહનકાકાને (૬/૮)

૩. ઝીણાભાઈ - સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીને (૭/૧૦)
૪. જાગા ભક્ત - ઝીણા ભગતને (૯/૧૩)

**પ્ર.૯ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. યોગીજી મહારાજ (૨૦/૨૯)
૨. લોધિકા (૧૨/૧૬)
૩. સોનાના કળશોની સ્થાપના (૨૭/૩૯)
૪. મુંબઈ (૩૦/૪૬)
૫. ૧૯૪૮ વૈશાખ (૧/૧)

**પ્ર.૧૦ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ <u>એક</u> પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી.) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. નીડર સત્યવક્તા (૩/૩-૪)**

૧. પાંચમાં ધોરણમાં ભણતા ઝીણાભાઈના હેડ માસ્તરે ચંદુ નામના છોકરાને વગર વાંકે માર્યો.
૨. મૂઢમારના લીધે ચંદુ મરી જતાં તેના પિતાએ આ માટે વડા અધિકારીને તપાસ કરવા વિનંતી કરી.
૩. ઝીણાભાઈએ વડા અધિકારીને નીડરતાપૂર્વક સાચો જવાબ આપ્યો.
૪. બધા બાળકોમાં હિંમત આવતા સાચી રજૂઆત કરી.
૫. વડા અધિકારીએ હેડમાસ્તરને બરતરફ કર્યાને ઝીણાભાઈને ઈનામ આપ્યું.

**૨. ગુરુભક્તિ (૨૩/૩૪-૩૪)**

૧. નિર્જળા ઉપવાસો ને ઉનાળાના તાપમાં પણ ગામેગામ ફરતાં ને સેવા કરતાં તેથી યોગીજી મહારાજને સારણગાંઠ થઈ હતી.
૨. રાજકોટના ડૉ. એસ્પિનોલે યોગીજી મહારાજને ઓપરેશન કરાવવું પડશે તેમ જણાવ્યું.
૩. ઓપરેશન થીયેટરમાં જતાં યોગીજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને જોતાં જ પ્રણામ કર્યા.
૪. યોગીજી મહારાજ ભાનમાં આવતાં જ શાસ્ત્રીજી મહારાજને હાથ જોડ્યા અને પાસે બેઠેલા હરિભક્તોને પૂછ્યું 'શાસ્ત્રીજી મહારાજને દૂધ પાયું ?'

૫. ડૉ. એસ્પિનોલને હરિભક્તો યોગીજીમહારાજની શાસ્ત્રીજીમહારાજ સાથેની એકતાને ગુરુભક્તિ જોઈ આશ્ચર્ય ચકિત થયા.

**૩. યુવકમંડળો અને સત્સંગસભા (૨૫/૩૫-૩૬)**

૧. યોગીજી મહારાજે ધીરે ધીરે યુવક મંડળની પ્રવૃત્તિ શરૂ કરી.
૨. યુવક મંડળ બંધ થઈ ગયું હોય તો ફરીથી ચાલુ કરાવે, નવાં યુવક મંડળો સ્થાપે, પત્રો લખી બળ આપે.
૩. યોગીબાપાનો આગ્રહ હતો કે પચ્ચીસ હજાર રૂપિયા જતા કરીને પણ યુવક મંડળની-સત્સંગ મંડળની સભામાં જવું.
૪. સત્સંગ સભામાં જઈએ એટલે એકસાથે દરેક હરિભક્તનાં દર્શન થાય.
૫. સત્સંગ સભા તો ચૂકવી જ નહિ કારણ કે સત્સંગ સભામાં શ્રીજી મહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ દિવ્ય રૂપે વિરાજતા હોય છે.

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોના કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ભાવનગરમાં ઠાકોરજીને થાળ ધરાવવા મૂકીને યોગીજી મહારાજ ભાવપૂર્વક થાળ બોલ્યાં તો થાળમાંથી પાંચ લાડુ, શાક, ભજિયાં, દાળભાત, પાણીનો અર્ધો લોટો ઓછો થયો હોવાથી સૌ હરિભક્તોને ખાતરી થઈ ગઈ કે યોગીજી મહારાજને શ્રીજી સ્વામી વશ છે. (૧૯/૨૯)
૨. જે વસ્તુને એકવાર ત્યાગી તેને ફરી હૈયામાં શા માટે પેસવા દેવી ! આ વિચારથી યોગીજી મહારાજ ભાવનગરના મહારાજા સાહેબનો વરઘોડો જોવા ગયા નહિ. (૧૪/૨૦)
૩. સામુદ્રિક ચિહ્નના જાણકાર ગરાસિયા ભક્તે કહ્યું તમે તો મહાન સદ્‌ગુરુ થશો. ઊર્ધ્વરેખાવાળા સત્પુરુષ તો ભગવાનનું સ્વરૂપ કહેવાય. તમારી પાછળ લાખો મનુષ્ય ફરશે. આ સાંભળી ઝીણાભગતે ગરાસિયા ભક્ત આગળ પગ ઢાંકી દીધો. (૧૧/૧૫)

**(વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ, પંદરમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૦૬)**

**પ્ર.૧૨ નીચેના પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૭)** ☞ **નોંધઃ-અડધા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. શ્રીજીમહારાજે પોતાની મૂર્તિ વડતાલમાં પધરાવી. (૪/૭)
૨. વ્રજના ગોપ જેવી જોધા ભક્તની ભક્તિ હતી. (૧૩/૨૫)
૩. પૂંજા ડોડિયા સમુદ્રમાં પડવા ગયા ત્યારે સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે અને તેના સંત તને મળશે તેવા શબ્દો આકાશવાણીમાં સંભળાયા. (૧૯/૪૧)
૪. શાસ્ત્રીજી મહારાજે બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા અને ગઢડામાં એમ પાંચ મંદિરો બાંધ્યાં. (૧૭/૩૮-૩૯)
૫. નાથ ભક્તની સમજણ હતી કે 'ભગવાનના ધામમાં જાય એ તો આનંદનો પ્રસંગ છે માટે સાકર વહેંચી. (૨૦/૪૫)
૬. પૂજામાં ઉત્તર કે પૂર્વ દિશા તરફ મુખ રાખીને બેસવું. (૫/૮)
૭. પ્રાર્થના એટલે શુદ્ધ હૃદયથી ભગવાન પાસે માગણી કરવી. (૩/૪)

**પ્ર.૧૩ નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો. (કુલ ગુણ ૬)**

☞ **નોંધ :- ફક્ત ખોટું જણાવેલ હોય તો ગુણ ન આપવો. નીચે સાચો જવાબ લખ્યો હોય તો જ ગુણ આપવો.**

૧. **ખોટું** - ✗ (૬/૧૧) જ. મહારાજે શૂરવીર બાલભક્તના બાપને હિરણ્યકશિપુ જેવો કહ્યો.
૨. **ખોટું** - ✗ (૭/૧૩) જ. શ્રીજીમહારાજ જેતલપુરના ગંગામાના દાળ-ભાત બહુ વખાણતા.
૩. **ખરું** - ✓ (૧૧/૨૧)
૪. **ખોટું** -✗ (૨/૨) જ. નારદજીએ અજામિલના છોકરાનું નામ નારાયણ પાડ્યું.
૫. **ખરું** - ✓ (૧૨/૨૨)
૬. **ખોટું** -✗ (૧૫/૨૯) જ. સંવત્ ૧૮૬૬ માં પોષ સુદ પૂનમે શ્રીજીમહારાજે મૂળજી શર્માને દીક્ષા આપી.

**પ્ર.૧૪ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ ૬)**

**૧.** ધ્રુવે (૧/૧) **૨.** અખંડાનંદ (૮/૧૪) **૩.** સુરાખાચર (૧૪/૨૫) **૪.** રામદાસ (૨૨/૪૭)
**૫.** આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે (૧૭/૩૮) **૬.** કાલવાણી (૯/૧૫)

**પ્ર.૧૫ નીચેનાં કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ ૮)**

☞ **નોંધ :- કિર્તન/અષ્ટક/શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. પ્રગટ હરિ ગુરુ દર્શન આપો, પ્રભુ તવ નામના જપીએ જાપો
તવ મૂર્તિ નિત્ય હૃદયે ધારી ....શ્રી હરિ૦ (૩/૪)
૨. શ્રીમન્નિર્ગુણ-મૂર્તિ સુંદર તનૂ , જે જ્ઞાનવાર્તા કથે, જે સર્વજ્ઞ, સમસ્ત સાધુગુણ છે, માયા થકી મુક્ત છે.
સર્વૈશ્વર્યથી પૂર્ણ, આશ્રિતજનોના દોષ ટાળે સદા, એવા પ્રાગજી ભક્તરાજ ગુરુને, પ્રેમે નમું સર્વદા (૯/૧૭)
૩. ચળું કરો લાવું જળઝારી, એલચી લવિંગ સોપારી,

પાન બીડી બનાવી સારી...... જમો થાળ.
મુખવાસ મનગમતા લઈને, પ્રસાદીનો થાળ તણી (મુને) દઈને,
ભૂમાનંદ કહે રાજી થઈને.... જમો થાળ. (૧૨/૨૩)

૪. મૂળ અક્ષર એ બ્રહ્મ અનાદિ, ગુણાતીતાનંદ, જય જય ગુણાતીતાનંદ ... જય જય ૦
પુરુષોત્તમ પરબ્રહ્મ પરાત્પર, શ્રીહરિ સહજાનંદ, જય જય શ્રીહરિ સહજાનંદ, .... જય જય (૨૩/૪૯)

**પ્ર.૧૬ નીચેનામાંથી કોઈપણ એક 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (દસેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો -૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**૧. ''સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી ને એ મંત્રે કાળા નાગનું પણ ઝેર ન ચડે એ મંત્રે વિષય ઊડી જાય છે ને બ્રહ્મરૂપ થવાય છે ને કાળ, કર્મ અને માયાનું બંધન છૂટી જાય છે, એવો બહુ બળિયો એ મંત્ર છે માટે નિરંતર ભજન કરવું.'' (૧૬/૩૧)**

ભગવાનના નામના મંત્રમાં ખૂબ જ બળ છે. તેણે કરીને કાળા નાગનું પણ ઝેર ઉતરી જાય તેનું સચોટ ઉદાહરણ એટલે યોગીજી મહારાજ. એકવાર ગોંડલ અક્ષર દેરી ઉપર શાસ્ત્રીજી મહારાજ મંદિર બનાવતા હતા. ત્યારે યોગીજી મહારાજને એક કાળો ઝેરી નાગ આવીને કરડ્યો. ડાબા હાથની પહેલી આંગળીમાંથી લોહી નીકળવા માંડ્યું. બળતરા થવા માંડી અને ''સ્વામિનારાયણ સ્વામિનારાયણ'' બોલતા યોગીજી મહારાજ બેહોશ થઈ ગયા. આ વાતની શાસ્ત્રીજી મહારાજને ખબર પડી. શાસ્ત્રીજી મહારાજ કહે અક્ષરદેરીમાં ઠાકોરજી આગળ સુવાડી ધૂન કરો. અને ૧૨ કલાકમાં તો ઝેર ઉતરી ગયું પણ નિશાની રૂપે ડાબા હાથની પહેલી આંગળી વાંકી રહી ગઈ.

**૨. ''કેટલાકને મન રમાડે છે ને કેટલાક મનને રમાડે છે. આ વાત નિત્યે વિચારવા જેવી છે.'' (૧૬/૩૬)**

આપણો સૌથી મોટો શત્રુ આપણું મન છે. મન આપણને ભક્તિ, સેવા કરવા દેતું નથી. પણ કેટલાક માણસો છે જે મનને પણ રમાડી જાણે છે. ગઢડામાં એક કોળીનો છોકરો હતો. તેના ખેતરમાં ચીભડાં થયાં હતાં. તેણે નક્કી કર્યું કે ચીભડા પાકે ત્યારે પહેલું ચીભડું મહારાજને ધરાવવું. ચીભડા પાક્યા એટલે એક પાકું ચીભડું લઈને મહારાજ પાસે જતો હતો. પાકાં ચીભડાની સુગંધથી મન લલચાય. તેને થાય કે હું ખાઈ જાઉં પછી છોકરો કહે ના ના આ તો મહારાજ માટે. વળી મન કહે મહારાજને તો ઘણી મોટી મોટી અને સારી સારી ભેટ, મીઠાઈ આવે ચીભડામાં શું ? લાવ હું જ ખાઈ જાઉં. આમ ને આમ મન સાથે લડાઈ લેતો લેતો મહારાજ પાસે પહોંચ્યો. મહારાજે બોલાવી તેનું ચીભડું માગ્યું. પોતે જમ્યા અને બીજાને પણ પ્રસાદી આપી. મન જીતીને લાવ્યો તેથી તેને દસ શેર સાકર આપી. આ સભામાં બેઠેલા એક વાણિયાએ વિચાર કર્યો એક ચીભડામાં મહારાજે દસ શેર સાકર આપી તો હું ગાડું ભરી ચીભડાં લાવું તો મને કેટલી બધી સાકર મળશે. બીજે દિવસે તે વાણિયો ગાડું ભરીને ચીભડાં લાવ્યો. ત્યારે મહારાજે ચીભડાં નદીમાં માછલાંને ખાવા માટે નાખવાનું કહ્યું. ત્યારે વાણિયાએ કહ્યું આમ કેમ ? છોકરાંને એક ચીભડાંને બદલે દસ શેર સાકર આપી અને હું તો ગાડું ભરીને લાવ્યો છું. ત્યારે મહારાજે કહ્યું તેણે મન સાથે લડાઈ કરી મન જીતીને લાવ્યો હતો. તમે સાકર લેવાના વિચારથી લાવ્યા છો તેથી ન મળે. મન સાથે લડાઈ કરીને ભજન કરીએ, મન ખોટું કામ કરવાનું કહે તો તેને ના પાડીએ તો ભગવાન બહુ રાજી થાય.

**પ્ર.૧૭ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : જવાબમાં આપેલ અંક કોઈપણ રીતે આપેલા હોય તો સાચું આપવું.**

**વિષય :- વીર ભગુજી (૧૦/૧૮) જવાબ - ૧, ૪, ૫, ૮, ૧૦**

❑ ❑ ❑